**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૮/૦૫/૨૦૧૭ રવિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૧૧૧/૧૭**

**લકઝુરીયસ કારના ટાયરની ચોરી કરતી ગેંગના મુખ્ય સુત્રધારને તેના એક સાગરીત સાથે ચોરી કરેલ ટાયર નંગ-૧૫ સાથે કુલ રૂ.૧૧,૦૦,૦૦૦/- ની મત્તાના મુદ્દામાલ સાથે ઝડપી પાડી ટાયર ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર, ક્રાઈમ બ્રાન્ચ**

અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચના સંયુકત પોલીસ કમિશ્નર શ્રી જેકે.ભટ્ટ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ડો. રાજદીપસિંહ ઝાલા સાહેબ નાઓએ અમદાવાદ શહેરમાં બનતા ચોરીના ગુનાઓ શોધી કાઢવા માટે સુચના કરેલ હોય જેઓની સુચના આધારે પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.આર.ટંડેલ નાઓના માર્ગદર્શન હેઠળ તેઓના સ્કોડના પો.સબ.ઇન્સ. શ્રી એન.જી.ચૌધરી નાઓ ટીમ સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના હેડ.કોન્સ. દિનેશકુમાર શીવમુરત તથા હેડકોન્સ. મહેન્દ્રસિંહ વેલુભા નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે આરોપીઓ (૧) મહેશભાઇ જયરામભાઇ દેસાઇ ઉ.વ.૩૪ રહે. ગામ. સુધડ, રબારી વાસ, તા.જી. ગાંધીનગર (૨) જયમીન અશોકભાઇ પટણી ઉ.વ.૨૭, રહે. ડી/૫૦૧, સુકન ગ્લોરી, વોડાફોન ટાવરની પાછળ, ગોતા, અમદાવાદ મુળ વતન જય અંબે ચોક, સ્વામીનારાયણ મંદિર સામે, કાલુપુર અમદાવાદ શહેર નાઓને સાબરમતી વિસત સર્કલ પાસે થી મેટાલીક ગ્રે કલરની નિશાન ટેરેનો કાર નંબર GJ-01-RF-1164 માં ચોરીના ફોર વ્હીલર કારના ટાયરો નંગ-૧૫ તથા જેક-૧ કિંમત રૂ.૧,૦૦,૦૦૦/- ની મતાના સાથે મળી કુલ કિંમત રૂ.૧૧,૦૦,૦૦૦૦/- ની મત્તાના મુદ્દામાલ સાથે મળી આવતા આરપી.સી. કલમ ૧૦૨ મુજબ કબ્જે કરવામાં આવેલ છે અને બન્ને આરોપીઓને તા.૨૭/૦૫/૨૦૧૭ રોજ પકડી અટક કરવામાં આવેલ છે.

સદર બન્ને આરોપીઓની પુછપરછ કરતા તેઓએ છેલ્લા બે મહિના દરમ્યાનમાં અમદાવાદ શહેરના સોલા, નારણપુરા, ઘાટલોડીયા, સાબરમતી, ચાંદખેડા, કોબા વિસ્તાર માંથી રાત્રીના સમયે રોડ ની સાઇડ ઉપર પાર્ક થયેલ ફોર વ્હીલ કારને જેક ચડાવી તેની નીચે પથ્થર મુકી તેનુ ટાયર કાઢી લઇ જેની ચોરીઓ કરેલ છે જેમાં આજદિન સુધીમાં કુલ-૧૫ ટાયરોની ચોરીઓ કરેલ હોવાની કબુલાત કરે છે.

આરોપી મહેશભાઇ જયરામભાઇ દેસાઇ પાસે નિશાન ટેરેનો કાર હોય જેના ટાયરો ઘસાઇ ગયેલ હોય જેના ટાયરો બદલવાના હોય જેથી ઉપરોકત ટાયરોની ચોરી કરી તેને વેચી તેમાંથી મળેલ નાંણા માંથી ટેરેનો કારના ટાયરો લાવવાના હોય જેથી ઉપરોકત કબ્જે ટાયરોની ચોરી કરેલ હોવાની કબુલાત કરે છે.

ઉપરોક્ત ટાયરો ચોરી અંગે નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે તેમજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ગુના નોંધાયેલ હોય બન્ને આરોપીઓને આગળની વધુ તપાસ માટે નારણપુરા પોલીસ સ્ટેશનટાયર ચોરીના ગુનાના કામે ધરપકડ થવા સોંપવા તજવીજ કરવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.